SHABDBRAHM E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

# આધુનિક રાષ્ટ્ર અને સરદાર પટેલ

**Dr. Rashmikkumar Jayantilal Patel**
Adhyapak Sahayak in Economics
Shree S. D. Patel Arts and C. M. Patel Commerce College
Anklav, Dist. Anand, Gujarat (India)

**પરિચય (Introduction)**

ભારતના આધુનિક રાષ્ટ્ર નિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન ગણાય છે. રાજકીય એકીકરણ, આવશ્યક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની રચના, વહીવટી સુધારા, આર્થિક નીતિઓનું સ્થિરીકરણ અને ગ્રામ વિકાસ જેવા ક્ષેત્રોમાં તેમણે આધુનિક રાષ્ટ્રની મજબૂત પાયો મૂકી. આ સંશોધન પેપરનો હેતુ તેમના યોગદાનને અર્થશાસ્ત્રીય દૃષ્ટિકોણથી વિશ્લેષિત કરવાનો છે. રજવાડાઓના વિલીનીકરણથી બનેલું એકીકૃત રાષ્ટ્ર આજના વૈશ્વિકીકરણ યુગમાં ભારતીય અર્થતંત્રની સ્થિરતા અને વૃધ્ધિ માટે કેટલું મહત્વપૂર્ણ બન્યું છે, તેનું તાર્કિક વિશ્લેષણ અહીં રજૂ કરવામાં આવ્યું છે.સ્વતંત્રતાના સમયે ભારતની આર્થિક સ્થિતિ નબળી, વિખૂટી અને અસંગઠિત હતી. ૫૬૨ રજવાડાઓ પોતાની ચલણ પદ્ધતિ, કરવ્યવસ્થા અને વેપારની મર્યાદાઓ ધરાવતા હતા. જો એ જ સ્થિતિ યથાવત્ રહેતી, તો ભારત એકસમાન બજાર સિસ્ટમ અને રાષ્ટ્રવ્યાપી આર્થિક નીતિઓ ઘડવામાં અસમર્થ રહેતું. સરદાર પટેલના દૃઢ નેતૃત્વ અને રાજકીય કુશળતાથી આ રજવાડાઓને ભારત સાથે જોડવામાં આવ્યા, જેને કારણે એક રાષ્ટ્ર – એક બજાર – એક નીતિ જેવી આધુનિક આર્થિક ધારો મજબૂત બની છે.

આ એકીકરણ માત્ર રાજકીય નહીં પરંતુ આર્થિક રીતે સૌથી મોટું સુધારણું સાબિત થયું. આ કારણે દેશવ્યાપી નાણાકીય વ્યવસ્થાપન, પરિવહન વ્યવસ્થા,કૃષિ-વાણિજ્યિક નીતિઓ અને ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા સરળ થઈ. આજના વૈશ્વિક યુગમાં ભારત જે રીતે એક મજબૂત અર્થતંત્ર તરીકે ઉભર્યું છે, તેની પાયામાં સરદાર પટેલ થી કરાયેલ એકીકરણની નિર્ણાયક ભૂમિકા છે. તેથી, આધુનિક ભારતની આર્થિક -રાજકીય રચનાને સમજવા માટે સરદાર પટેલના યોગદાનનું અભ્યાસ અનિવાર્ય બની જાય છે.આર્થિક વિકાસ અને રાષ્ટ્ર નિર્માણ એકબીજાને પૂરક અને પરસ્પર આધારિત પ્રક્રિયાઓ છે. જો દેશ રાજકીય રીતે વિભાજિત હોય તો ન તો બજાર એકીકૃત બને અને ન તો વિકાસની નીતિઓનું અમલીકરણ અસરકારક બની શકે. સ્વતંત્રતાના પ્રારંભિક સમયમાં ભારત અનેક પડકારો સામે ઊભું હતું—ભૌગોલિક વિખંડન, સંસ્કૃતિની વૈવિધ્યતા, અસંગઠિત વહીવટી તંત્ર, નબળું ઉત્પાદન માળખું અને વેપાર-વાણિજ્યની મર્યાદાઓ. આ પરિસ્થિતિમાં રાષ્ટ્રીય સ્તરે એકીકૃત અર્થવ્યવસ્થા ઉભી કરવી એ ભારત માટે જીવનમરણનો પ્રશ્ન હતો. સ્વતંત્રતા પછી ભારત સામેનો સૌથી મોટો પ્રશ્ન હતો એકીકૃત રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા (Integrated National Economy) રચવાનો. રજવાડાઓ પોતાની અલગ નીતિઓ, કરવ્યવસ્થા, ચલણ અને વેપારની શરતો ધરાવતા હતા, જેના કારણે સમગ્ર દેશના વિકાસમાં અસમાનતા ઊભી થતી. આર્થિક દૃષ્ટિએ જોવામાં આવે તો દેશના બજારો, ઉત્પાદન પ્રવાહો, મજૂરી ગતિ, સંસાધનોના વહેવટ અને રોકાણ પ્રવાહોના સંકલન માટે રાજકીય એકતા આવશ્યક બની ગઈ હતી.

**સંશોધન સમસ્યા (Research Problem)**

" આધુનિક ભારતીય રાષ્ટ્ર અને તેની આર્થિક એકતા સર્જવામાં સરદાર પટેલની ભૂમિકા કેટલી મૂળભૂત અને લાંબાગાળે પ્રભાવશાળી રહી છે "

સરદાર પટેલ વડે કરવામાં આવેલા રજવાડાઓના વિલીનીકરણ, વહીવટી વ્યવસ્થાના સંગઠન, અખિલ ભારતીય સેવાઓની રચના, તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને આંતરિક સ્થિરતા સ્થાપવાના નિર્ણયો કેવી રીતે ભારતના લાંબા ગાળાના આર્થિક વિકાસ માટે પાયાની ભૂમિકા ભજવે છે?વિશ્વમાં કોઈપણ મોટું અર્થતંત્ર ત્યારે જ વિકસે છે જ્યારે તે રાજકીય રીતે મજબૂત, વહીવટી રીતે એકીકૃત અને નીતિગત રીતે સ્થ આ સંશોધનનો મુખ્ય ધ્યેય આ પૂછપરછ કરવાનો છે કે સરદાર પટેલના નિર્ણયો વિનાના ભારતનું આર્થિક ભવિષ્ય કેવું હોત? શું ભારત આજે એકીકૃત બજાર, નીતિગત સમન્વય અને વૈશ્વિક આર્થિક સ્પર્ધામાં સક્ષમ રહી શકે.

- લાંબા ગાળે તેમનું યોગદાન કેવી રીતે અસરકારક રહ્યું
- રાષ્ટ્રીય એકતા અને બજાર એકીકરણની પાયો નાખ્યો
- રોકાણ માટે સ્થિર પરિસ્થિતિ સર્જી
- ઉદ્યોગ, પરિવહન અને કૃષિના વિકાસ માટે મજબૂત વહીવટી માળખું આપ્યું
- સહકાર આંદોલન અને ગ્રામ્ય અર્થતંત્રના આધુનિકીકરણને પ્રોત્સાહન આપ્યું

આ પ્રશ્નોનું વિશ્લેષણ આ સંશોધન સમસ્યાનું કેન્દ્ર છે, જે સરદાર પટેલને માત્ર રાજકીય એકતા નહીં પરંતુ આધુનિક ભારતીય અર્થતંત્રના મુખ્ય સ્થાપક તરીકે રજૂ કરે છે.

**સંશોધનના હેતુઓ (Objectives)**

- રજવાડાઓના વિલીનીકરણ અને તેના આર્થિક પ્રભાવનું વિશ્લેષણ.
- સરદાર પટેલની વહીવટી વિચારસરણીના આધુનિક અર્થતંત્ર પર પડેલા પ્રભાવનું મૂલ્યાંકન.
- તેમના ગ્રામ વિકાસ, કૃષિ અને સંસ્થાકીય માળખાં સંબંધિત યોગદાનનું અધ્યયન.
- આધુનિક રાષ્ટ્રની કલ્પનામાં તેમના દૃષ્ટિકોણનું આર્થિક પ્રત્યાઘાત સાથે વિશ્લેષણ.
- રજવાડાઓનું વિલીનીકરણ : એકીકૃત બજાર અર્થતંત્રની પાયરી
- સ્વતંત્રતાના સમયે રજવાડાં અલગ કાયદા, ચલણ, કર અને વેપાર પ્રણાલી ચલાવતા હતા.
- જો રજવાડાઓનું વિલીનીકરણ ન થયું હોત તો ભારત વિખૂટા પડેલા બજારો ધરાવતું રહેત.
- પટેલના એકીકરણથી ભારત એક એક દેશ – એક બજાર – એક કાયદો તરફ આગળ વધ્યું, જે આજે GST જેવી નીતિ સુધી પહોંચ્યું.

SHABDBRAHM

**વહીવટી માળખાનું આધુનિકીકરણ**

"ઈન્ટિગ્રેટેડ સિવિલ સર્વિસીસ.રાજ્ય વહીવટ સુગમ બન્યો-ની રજૂઆતથી કેન્દ્ર "

- IAS / IPS જેવી સેવા દેશવ્યાપી નીતિઓનું સરખા ધોરણે અમલીકરણ સુનિશ્ચિત કરે છે.
- આર્થિક આયોજન, વિતરણ વ્યવસ્થા અને જાહેર નીતિઓની અસરકારકતા વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન.
- સુરક્ષા અને રાજકીય સ્થિરતા : રોકાણ માટે અનુકૂળ વાતાવરણ
- રાષ્ટ્ર સુરક્ષા અને આંતરિક સ્થિરતા વિના કોઈપણ દેશનું અર્થતંત્ર વિકસતું નથી.
- હૈદરાબાદ, જુનાગઢ અને અન્ય રજવાડાઓના મુદ્દાઓનો ઝડપી ઉકેલ લાવીને તેમણે સ્થિરતા સ્થાપી.

**વિદેશી મૂડીરોકાણ, વેપાર અને ઉદ્યોગ વિકાસ માટે સુરક્ષિત માહોલનું નિર્માણ.**

**કૃષિ અને ગ્રામ વિકાસ**

- ખેડા સત્યાગ્રહ અને બાર્ડોલી સત્યાગ્રહમાં જમીન, કર અને ખેડૂત હિતોની લડત.
- બારડોલી સત્યાગ્રહે એ રાષ્ટ્રીય સ્તરે ચેતના જગાવી
- જમીન નીતિઓમાં ન્યાય, પારદર્શિતા અને વહીવટમાં જવાબદારીની ભાવના સ્થાપી.

**સહકાર આંદોલન ( Co-operative Movement) ને પ્રોત્સાહન**

- પટેલ સહકારી ચળવળના મજબૂત સમર્થક.
- આજે AMUL જેવા સહકારી ઉદ્યોગો ગ્રામ્ય અર્થતંત્રના આધાર.
- સહકાર ક્ષેત્રે – એકતા"વ્યવસ્થા .નું મોડલ સ્થાપ્યું "સમૃદ્ધિ –

**આધુનિક રાષ્ટ્રીય અર્થતંત્રની રચના**

- એકીકૃત રાષ્ટ્ર વિના રાષ્ટ્રીય પાયાનો બંધારણીય વિકાસ અશક્ય હતો.
- રોડ, રેલવે, સિંચાઈ, સંચાર સહિતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટે કેન્દ્રિય નીતિની જરૂરિયાત.
- આજે ભારતનો ઉદ્યોગ વિકાસ, સેવાઓ, ઉત્પાદન, નિકાસ ક્ષમતા બધાની પાયા તેમન –પર રચેલી એકતા છે.

**સૂચનો ( Suggestions)**

- નીતિ નિર્માતાઓએ રાષ્ટ્રીય એકતા અને કેન્દ્રિય સંસ્થાઓને વધુ મજબૂત બનાવવી જોઇએ.
- ગ્રામ્ય અર્થતંત્ર માટે સહકાર આંદોલનને વધુ પ્રોત્સાહન આપવું.
- સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણના સિદ્ધાંતો શિક્ષણમાં વધુ સમાવવાની જરૂર.

**નિષ્કર્ષ (Conclusion)**

ભારતના આધુનિક રાષ્ટ્ર નિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન માત્ર રાજકીય પરિધિ પૂરતું ન હતું, પરંતુ દેશના આર્થિક ભવિષ્યને નક્કી કરનાર સૌથી મહત્વપૂર્ણ પાયો સ્થાપવામાં તેમનું નેતૃત્વ અત્યંત નિર્ણાયક રહ્યું છે. સ્વતંત્રતાના સમયે ભારત એક વિખૂટું, અસંગઠિત અને આર્થિક રીતે નબળું રાષ્ટ્ર હતું. રજવાડાઓના વિલીનીકરણ વગર ભારત કદી પણ એકીકૃત રાષ્ટ્રીય બજાર, અસરકારક વહીવટ અથવા સુઘડ નીતિ અમલીકરણ સુધી પહોંચી શકત નહીં. પટેલે પોતાના દૃઢ સંકલ્પ, રાજકીય કૌશલ્ય અને રાષ્ટ્રહિતની અપરંપાર ભાવનાથી ભારતને એકતાબદ્ધ રાષ્ટ્ર બનાવ્યું, જે આધુનિક અર્થવ્યવસ્થાની પાયો સમાન છે.

બજારોનું એકીકરણ, વાહનવ્યવહારનો વિકાસ, ઉદ્યોગીકરણ અને કૃષિ સુવિધાઓની વિસ્તૃતતાને શક્ય બનાવી. આંતરિક સુરક્ષા અને સ્થિર વહીવટી માળખું સર્જાતા દેશ-વિદેશના રોકાણકારોનો વિશ્વાસ વધ્યો, જે આગળ જઈને ભારતને વૈશ્વિક અર્થતંત્રમાં સ્પર્ધાત્મક સ્થાને લઈ ગયું.સહકાર આંદોલનને પ્રોત્સાહન અને ગ્રામ્ય વિકાસ માટેની તેમની દૃઢ માન્યતાઓએ ભારતમાં ટકાઉ અને સંતુલિત અર્થતંત્રના મોડેલનું સર્જન કર્યું. AMUL જેવી સહકારી ચળવળો તેમના વિચારોની જળવાઈ રહેલી અસરનું જીવંત ઉદાહરણ છે.આ રીતે જોવામાં આવે તો સરદાર પટેલની ભૂમિકા માત્ર તે સમયના રાજકીય સંકટના નિવારણ સુધી મર્યાદિત નહોતી, પરંતુ ભારતના દિર્ઘગાળાના આર્થિક વિકાસની દિશા નક્કી કરનારી શક્તિ તરીકે ઊભી રહી. આજના ભારતમાં દેખાતું રાષ્ટ્રીય એકીકરણ, નીતિ-સંચલિત વિકાસ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા—આ બધું સરદાર પટેલની સૂઝબૂઝ, દૃઢતાપૂર્ણ નિર્ણયો અને રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણનું પરિપૂર્ણ પરિણામ કહેવાય.અત્યારેક, સરદાર પટેલને "આધુનિક ભારતીય રાષ્ટ્ર અને અર્થતંત્રના શિલ્પી" તરીકે ઓળખાવવું સર્વથા યોગ્ય છે.

**સંદર્ભસૂચિ :**

1. Patel, V. – Speeches and Writings.
2. Menon, V.P. – Integration of Princely States.

E-ISSN: 3049 4230
VOLUME 1, ISSUE 2, OCTOBER 2025

3. Indian Administration – S.R. Maheshwari.
4. Economic History of India – Tirthankar Roy.
5. Patel: A Life – Rajmohan Gandhi.
6. Bardoli Satyagraha Records – Govt. of Bombay.
7. Indian Polity – Laxmikanth.
8. Cooperative Movement in India – B.S. Mathur.
9. Rural Economy of India – S. Datt.
10. Modern India – Bipan Chandra.
11. Independence and After – Nehru.
12. Govt. of India Reports on IAS/IPS formation.
13. Planning Commission Archives.
14. Ministry of Agriculture Reports.

SHABDBRAHM